# IPL: ખેલાડીઓને પરત લાવવા BCCIનું વિદેશી બોર્ડ પર દબાણ

**બીસીસીઆઈને** વિશ્વાસ છે કે મોટાભાગના વિદેશી ખેલાડીઓ આઈપીએલમાં પરત ફરશે

**પેટ** કમિન્સ અને ટ્રેવિસ હેડના પરત ફરવાની અપેક્ષા

**ઈંગ્લેન્ડના** ખેલાડીઓએ એનઓસી રીન્યૂ કરાવવું પડશે, બટલરના આવવા પર શંકા



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): BCCI અને IPL ટીમો વિદેશી બોર્ડ પર દબાણ લાવી રહી છે કે તેઓ 17 મેથી ફરી શરૂ થઈ રહેલી IPL માટે તેમના ખેલાડીઓને ભારત મોકલે. જોકે ભારત-પાકિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષના કારણે હજુ પણ સુરક્ષા અંગેની ચિંતાઓ છે.

બીસીસીઆઈના ટોચના અધિકારીઓએ આઈપીએલના સીઓઓ હેમાંગ અમીનને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ સાથે વ્યક્તિગત રીતે વાત કરી સુરક્ષા ચિંતાઓને દૂર કરવા કહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષને કારણે 9 મેના રોજ લીગ મુલતવી રાખવામાં આવી હતી. જો કે, એક દિવસ પછી, યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી, જેનાથી IPL ફરી શરૂ થવાનો માર્ગ મોકળો થયો.

બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમે વિદેશી બોર્ડ સાથે વાત કરી રહ્યા છીએ જ્યારે ટીમો સીધા તેમના ખેલાડીઓ સાથે સંપર્કમાં છે. અમને આશા છે કે તેમાંથી મોટાભાગના પાછા ફરશે.'

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારત પાછા ફરવું કે નહીં તેનો નિર્ણય ખેલાડીઓ પર છોડી દીધો છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના સીઈઓ કાશી વિશ્વનાથે જણાવ્યું હતું કે, 'અમે અમારા વિદેશી ખેલાડીઓનો સંપર્ક કરી રહ્યા છીએ. આ પછી જ ચિત્ર સ્પષ્ટ થશે.'

પંજાબ કિંગ્સના ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસ અને જોશ ઈંગ્લિસ પાછા ફરે તેવી શક્યતા ઓછી છે જો કે મુખ્ય કોચ રિકી પોન્ટિંગ તેમને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઓસ્ટ્રેલિયાના ઝેવિયર બાર્ટલેટ, દક્ષિણ આફ્રિકાના માર્કો યાનસેન પાછા આવી શકે છે. સનરાઈઝર્સ ટીમમાં કેપ્ટન પેટ કમિન્સ અને ટ્રેવિસ હેડની વાપસી થવાની અપેક્ષા છે.

ગુજરાત માટે સારું યોગદાન આપી રહેલો જોસ બટલર પરત આવવા અંગે વિચાર કરી રહ્યો છે કારણ કે તેને 29 મેથી વેસ્ટઈન્ડિઝ સામેની વન-ડે સિરીઝમાં રમવાનું છે.

# કોહલી આધ્યાત્મિક ગુરુ પ્રેમાનંદજી મહારાજના દર્શન કરવા વૃંદાવન પહોંચ્યો



**વિરાટ** અને અનુષ્કા અગાઉ પણ બે વખત પ્રેમાનંદજી મહારાજની મુલાકાતે આવ્યા છે

મથુરા, તા. 13 (પીટીઆઈ): ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કર્યા પછી, ભારતના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી તેની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા સાથે આધ્યાત્મિક ગુરુ પ્રેમાનંદ ગોવિંદ શરણ જી મહારાજના દર્શન કરવા વૃંદાવન પહોંચ્યો હતો.

આશ્રમમાં લગભગ સાડા ત્રણ કલાક રહ્યા પછી, તે લગભગ પોણા દસ વાગ્યે પાછો ફર્યો. ઇન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા વીડિયોમાં, વિરાટ અને અનુષ્કા સંત પાસેથી આશીર્વાદ લેતા જોઈ શકાય છે.

આ ક્લિપમાં, વિરાટ અને અનુષ્કા પ્રેમાનંદ જી મહારાજ સાથે વાત કરતા જોવા મળ્યા હતા જેમાં તેમણે વિરાટને પૂછ્યું હતું કે શું તે ખુશ છે.

પ્રેમાનંદજીએ આંતરિક શાંતિ અને આધ્યાત્મિક મુક્તિ પ્રાપ્ત કરવા માટે ભક્તિભાવથી ભગવાનનું નામ જપવાની અને આંતરિક ચિંતનના મહત્વ પર ભાર મૂક્યો ત્યારે કોહલી અને અનુષ્કા તેમને ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

વિરાટે સોમવારે એક દિવસ પહેલા જ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું અને બીજા જ દિવસે તે વૃંદાવન પહોંચી ગયો હતો.

અગાઉ, તેઓ આ વર્ષે 10 જાન્યુઆરીએ અને બે વર્ષ પહેલાં (2023માં) 4 જાન્યુઆરીએ આશ્રમમાં તેમના આશીર્વાદ લેવા આવ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે સંત પ્રેમાનંદને મળ્યા બાદ, તેમણે આશ્રમની મુલાકાત લીધી હતી. પાછા ફરતા પહેલા, તેમણે થોડે દૂર સ્થિત વરાહ ઘાટ પર સંત પ્રેમાનંદના ગુરુ ગૌરાંગી શરણ મહારાજની પણ મુલાકાત લીધી.

**WTC ફાઈનલ માટે ઓસ્ટ્રેલિયા અને દ. આફ્રિકાએ પોતપોતાની ટીમ જાહેર કરી**

# ઓસ્ટ્રેલિયન ટીમમાં કોન્સ્ટાસ, ગ્રીનને સામેલ કરવામાં આવ્યા





**WTC** ફાઇનલ 11થી 15 જૂન દરમિયાન લોર્ડ્સમાં રમાશે

મેલબોર્ન, તા. 13 (પીટીઆઈ): લંડનમાં દક્ષિણ આફ્રિકા સામેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત કરવામાં આવી હતી જેમાં વિસ્ફોટક ઓપનર સેમ કોન્સ્ટાસ અને ફિટ-અગેન-ફિટ ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીનને સામેલ કરવામાં આવ્યા છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમમાં લગભગ એ જ સભ્યો છે જેઓ આ વર્ષની શરૂઆતમાં ભારત અને શ્રીલંકા સામે રમ્યા હતા.

ઓસ્ટ્રેલિયા પસંદગી સમિતિના અધ્યક્ષ જ્યોર્જ બેઈલીએ કહ્યું હતું કે, 'ટીમે છેલ્લા બે વર્ષમાં સતત સારું પ્રદર્શન કર્યું છે અને હવે અમારી પાસે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ખિતાબ જાળવી રાખવાની તક છે.'

WTC ફાઈનલ 11થી 15 જૂન દરમિયાન લોર્ડ્સમાં રમાશે.

આ જ ઓસ્ટ્રેલિયન ટીમ 25 જૂનથી વેસ્ટ ઈન્ડિઝમાં ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ રમશે.

**ઓસ્ટ્રેલિયન ટીમ:** પેટ કમિન્સ (કેપ્ટન), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, કેમેરોન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટાસ, મેટ કુન્હેમેન, માર્નસ લાબુશેન, નાથન લિયોન, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, બ્યુ વેબસ્ટર **ટ્રાવેલ રિઝર્વ:** બ્રેન્ડન ડોગેટ.

## દ. આફ્રિકાની ટીમમાં નગીડીની વાપસી, રબાડા પણ સામેલ



જ્હોનિસબર્ગ, તા. 13 (પીટીઆઈ): 11 જૂનથી લોર્ડ્સમાં ઓસ્ટ્રેલિયા સામે રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ફાઈનલ માટે મંગળવારે દક્ષિણ આફ્રિકાની 15 સભ્યોની ટીમ જાહેર કરવામાં આવી હતી જેમાં ફાસ્ટ બોલર લુંગી નગીડીની વાપસી થઈ છે.

ડ્રગ્સના ઉપયોગ માટે એક મહિનાના સસ્પેન્શન પછી, હાલમાં જ ટીમમાં પરત ફરેલો કાગીસો રબાડા ટીમના 6 ફાસ્ટ બોલરોમાંનો એક છે. તેમાં માર્કો યાનસેન, વિઆન મુલ્ડર અને કોર્બિન બોશનો ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર તરીકે સામેલ કરાયા છે. ટીમમાં બે સ્પિનર કેશવ મહારાજ અને સેનુરન મુથુસામી પણ સામેલ છે.

ટીમનું નેતૃત્વ ટેમ્બા બાવુમા કરશે.

દક્ષિણ આફ્રિકાની ટીમ 31 મેના રોજ અરુન્ડેલમાં પ્રેક્ટિસ શરૂ કરશે. ત્યારબાદ ટીમ 3થી 6 જૂન દરમિયાન ઝિમ્બાબ્વે સામે પ્રેક્ટિસ મેચ રમશે.

**દક્ષિણ આફ્રિકાની ટીમ:** ટેમ્બા બાવુમા (કેપ્ટન), ડેવિડ બેડિંગહામ, કોર્બિન બોશ, ટોની ડી જ્યોર્જિયો, માર્કો યાનસેન, કેશવ મહારાજ, એઈડન માર્કરામ, વિઆન મુલ્ડર, સેનુરન મુથુસામી, લુંગી નગીડી, ડેન પેટરસન, કાગીસો રબાડા, રેયાન રિકલ્ટન (વિકેટકીપર), સ્ટ્રેનેવેરી (વિકેટકીપર).



## ઈટાલિયન ઓપન: અલ્કારાઝ ખાચાનોવને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં

રોમ, તા. 13 (એપી): મંગળવારે અહીં એક મુશ્કેલ મેચમાં કરેન ખાચાનોવને હરાવીને સ્ટાર ખેલાડી કાર્લોસ અલ્કારાઝે ઇટાલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. વિશ્વના ત્રીજા ક્રમાંકિત ખેલાડી અલ્કારાઝે વિશ્વના 24માં ક્રમાંકિત ખાચાનોવ સામે 6-3, 3-6, 7-5થી જીત મેળવી.ક્વાર્ટર ફાઇનલમાં અલ્કારાઝનો મુકાબલો પાંચમા ક્રમાંકિત જૈક ડ્રેપર સામે થશે જેણે પહેલો સેટ ગુમાવ્યા બાદ જોરદાર વાપસી કરીને કોરેનટિન મોટેટને 1-6, 6-4, 6-3થી હરાવ્યો હતો. એપ્રિલમાં મોન્ટે કાર્લો માસ્ટર્સનું ટાઈટલ જીતનાર અલ્કારાઝે વર્તમાન સીઝનમાં ક્લે કોર્ટ પર 12 મેચ જીતી છે અને એકમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો.

# રોહિત-કોહલીની 2027નો વર્લ્ડકપ રમવાની શક્યતા ઓછી: ગાવસ્કર

**બુમરાહને** ભારતીય ટેસ્ટ ટીમનો કેપ્ટન બનાવવો જોઈએ

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): ભારતના મહાન ખેલાડી અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કર માને છે કે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી રોહિત શર્મા અને વિરાટ કોહલી 2027ના વન-ડે વર્લ્ડકપમાં રમે તેવી શક્યતા ઓછી છે.

ગાવસ્કરે કહ્યું કે T20 આંતરરાષ્ટ્રીય અને હવે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાથી વન-ડે વર્લ્ડકપમાં રમવાની તેમની તકો પર મોટી અસર પડશે.

'સાચું કહું તો, મને નથી લાગતું કે તેઓ ત્યાં સુધી રમશે. જો કે, એવી શક્યતા છે કે તેઓ આગામી એક વર્ષમાં શાનદાર ફોર્મમાં આવશે અને સતત સદીઓ ફટકારતા રહે. જો આવું થશે તો ભગવાન પણ તેમને ટીમમાંથી દૂર કરી શકશે નહીં', એમ તેમણે કહ્યું.

રોહિત અને વિરાટની જોડીએ ભારતને ચેમ્પિયન્સ ટ્રોફી ટાઈટલ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

તેમણે કહ્યું, 'તેઓ રમતના આ ફોર્મેટમાં ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યા છે. પણ પસંદગી સમિતિએ આ અંગે ઘણો વિચાર કરવો પડશે. જો પસંદગી સમિતિને લાગે કે તેઓ 2027માં પણ ટીમમાં એટલું જ યોગદાન આપશે જેટલું તેઓ અત્યારે કરી રહ્યા છે, તો આ બંને ખેલાડીઓ પોતાનું સ્થાન જાળવી શકે છે.'

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન ગાવસ્કરને કોહલીના નિવૃત્તિના નિર્ણયથી કોઈ આશ્ચર્ય થયું નથી. તેમણે કહ્યું 'દરેક વ્યક્તિ ઈચ્છતી હતી કે આ બંને ખેલાડીઓ પોતાની શરતો પર રમતમાંથી નિવૃત્તિ લે અને એવું જ થયું.'

ગાવસ્કરે ભારતીય ક્રિકેટના ભલા માટે આ બાબતને શાનદાર રીતે સંભાળવા બદલ વર્તમાન પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરને શ્રેય આપ્યો.

ગાવસ્કરે બુમરાહની ઈજાની સંભાવના અંગેની ચિંતાઓને ફગાવી દીધી અને તેને ભારતના આગામી ટેસ્ટ કેપ્ટન બનવાનું સમર્થન કર્યું.

## સ્મૃતિ મંધાના ICC મહિલા વન-ડે રેન્કિંગમાં બીજા સ્થાને

દુબઈ, તા. 13 (પીટીઆઈ): શ્રીલંકામાં હાલમાં જ પૂર્ણ થયેલી ત્રિકોણીય સિરીઝમાં ભારતની ટાઈટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાના ICC મહિલા વન-ડે આંતરરાષ્ટ્રીય બેટિંગ રેન્કિંગમાં એક સ્થાનનો ફાયદો મેળવીને બીજા સ્થાને પહોંચી ગઈ છે અને હવે તેની નજર ટોચના સ્થાન પર છે. છેલ્લે 2019માં નંબર વન વન-ડે બેટર બનેલી મંધાનાએ શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા સામે હાલમાં પૂર્ણ થયેલી શ્રેણીમાં પાંચ ઈનિંગ્સમાં 264 રન બનાવ્યા હતા અને તે શ્રેણીની બીજી સૌથી સફળ બેટર હતી. શ્રીલંકા સામેની ફાઈનલમાં 101 બોલમાં 116 રન બનાવનાર મંધાના ટોચના સ્થાને રહેલી દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડથી માત્ર 11 રેટિંગ પોઈન્ટ પાછળ છે. ભારતની જેમિમા રોડ્રિગ્સ પાંચ સ્થાનના લાભ સાથે 15મા સ્થાન પર પહોંચી છે. શ્રીલંકાના ત્રિકોણીય સિરીઝમાં સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર જીતનાર ભારતીય સ્પિનર સ્નેહ રાણાને બોલર્સની રેન્કિંગમાં લાભ થયો છે, કે ચાર સ્થાન ઉપર જઈને 34મા ક્રમે છે. ઓલરાઉન્ડરમાં ઓસ્ટ્રેલિયાની એશલે ગાર્ડનર ટોચ પર છે જ્યારે ભારતની દીપ્તિ શર્મા એક સ્થાન ઉપર જઈને પાંચમા સ્થાને છે.

# PSL 17 મેથી ફરી શરૂ થશે

**ફાઈનલ** 25 મેના રોજ રમાશે

લાહોર, તા. 13 (પીટીઆઈ): ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) 17 મેથી પાકિસ્તાન સુપર લીગ (PSL) ફરી શરૂ થવાની પુષ્ટિ કરી હતી. પીસીબીના ચેરમેન મોહસીન નકવીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે લીગની બાકીની મેચોનું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે અને ફાઈનલ 25 મેના રોજ રમાશે. ભારત સાથે યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે PSL સ્થગિત કરવામાં આવ્યું હતું. એલિમિનેટર, ક્વોલિફાયર અને ફાઈનલ સહિત બાકીની આઠ મેચ રાવલપિંડી અને લાહોરમાં રમાશે, એમ પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું. 'વિવિધ ફ્રેન્ચાઈઝીઓ સાથેનો મુખ્ય મુદ્દો બાકીની મેચો માટે બધા વિદેશી ખેલાડીઓને પાકિસ્તાન પાછા લાવવાનો છે', એમ સૂત્રએ કહ્યું. બોર્ડ અને ફ્રેન્ચાઈઝીઓ પીએસએલ શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે.

## સુડોકુ ૭૯૩૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૨ | | ૧ | | |
| | ૭ | ૧ | ૩ | ૮ | ૯ | | ૨ | |
| ૨ | ૮ | ૫ | ૬ | | | | ૭ | ૯ |
| | | | | ૯ | | | | |
| ૫ | ૬ | ૯ | | | | | ૧ | ૨ |
| ૮ | | ૪ | | | | | ૯ | ૩ |
| ૪ | | ૮ | | ૭ | ૬ | ૨ | | ૧ |
| | ૯ | | | | | | | |
| | | | ૨ | ૫ | | | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અજીર્ણ

અજીર્ણને કારણે પેટ દુઃખતું હોય તો ધાણા ચૂર્ણ અને સૂંઠ ચૂર્ણ સરખા ભાગે ભેળવી, તેમાંથી બે ચમચી ચૂર્ણને 200ml પાણીમા ઉકાળી પીવા આપો.

## શબ્દગુંફન - ૬૯૬૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. ''ગુજરાતમિત્ર'' માં આવતી એક સાપ્તહિક પૂર્તિ (૩)
૩. રીતભાત (૩)
૫. હોડી (૨)
૬. મોજું, તરંગ (૩)
૭. પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૯. રોપેલું (૩)
૧૧. ધૂન, મસ્તી (૨)
૧૩. રમતમાં આવતો દાવ (૨)
૧૪. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૬. મનની વૃત્તિ (૪)
૧૮. એક અતિ વિશાળ વૃક્ષ (૨)
૨૧. ટેક, આબરૂ (૨)
૨૨. નકામો લવારો, બકબક (૪)
૨૩. દીવાની જ્યોત (૨)
૨૪. વાયુ (૩)
૨૫. તાંબા પિત્તળનો ડબ્બો (૩)
૨૬. માવજત (૩)
૨૭. દાંતે ઘસવાનો ભૂકો (૨)
૨૮. હઠ, જીદ (૨)
૨૯. ચિંતન (૩)
૩૦. ''હમ હૈ .... પ્યાર કે'' (૨)
૩૧. જંગલી, વન્ય (૨)

**ઊભી ચાવી**
૧. આશરો (૩)
૨. ભૂલભરેલું (૩)
૩. ભવિષ્ય કહેવું તે (૪)
૪. ઉત્તમ (૨)
૫. એક તેલી બી (૨)
૮. સુગંધ, ફોરમ (૩)
૧૦. એક વિદેશી વાજિંત્ર (૩)
૧૨. લીલું ઘાસ (૨)
૧૩. પગથિયાંવાળો કૂવો (૨)
૧૪. હરીફાઈ (૬)
૧૫. ગતિ, ઝડપ (૨)
૧૬. મદારીની વાંસળી (૪)
૧૭. કિંમત, મૂલ્ય (૨)
૧૯. ''પ્રાણ જાય પર .... ન જાય'' (૩)
૨૦. બિમારી (૨)
૨૨. કવિતા, કાવ્ય (૩)
૨૩. કમળની વેલ (૪)
૨૪. પડતી, અધોગતિ, હાર (૩)
૨૬. આદમી (૨)
૨૭. પૃથ્વી (૨)

## આજનું પંચાંગ

**તા. 14/05/2025, બુધવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** વૈશાખ
**તિથિ:** વદ: બીજ: 26:30
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ - 24 **યોગ :** પરિઘ
**નક્ષત્ર :** અનુરાધા: 11:48 પછી જન્મેલાની જ્યેષ્ઠાની શાંતિ કરાવવી **કરણ :** તૈતિલ
**રાશિ:** વૃશ્ચિક (ન,ય)
**દિવસ :** મિશ્ર- ગુરુ મિથુનમાં 22:30 થી સૂર્ય વૃષભમાં 24:12 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:03 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:07
**નવકારસી :** 06:51
**પારસી વર્ષ :** 1394, દએ માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, જિલ્કાદ માસનો 15 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** અધ્યાત્મ, ગૂઢ વિદ્યા અને તંત્ર-મંત્રમાં વિશ્વાસ રાખનારને શાંતિનો અનુભવ થાય. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા ધંધા-વ્યવસાયની યોજના બને. સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. સંતાનોના કામમાં મદદ મળે. પ્રેમમાં વિવાહની વાત આવી શકે.

**કર્ક (ડ,હ,):** જમીન, મિલકતને લગતાં કામ થાય. વિદ્યાભ્યાસમાં મદદ મળે. પ્રવાસ, મોજશોખના કામમાં લાભ.

**સિંહ (મ,ટ,):** વડીલોના આરોગ્યના ખર્ચા વધે અને પરિવારની સમસ્યા સતાવે. આર્થિક બાબતે જોખમ લેવું નહી.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીની તલાશ પૂરી થાય. રોજગાર માટે નવી તક ઊભી થાય. વિદ્યાર્થીઓને સફળતા મળે.

**તુલા (ર,ત,):** મનપસંદ ભોજનનો આનંદ મળે. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** વાદ વિવાદથી બચવું. ખર્ચા વધશે. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કિંમતી વસ્તુ તથા સામાનનું ધ્યાન પ્રવાસમાં રાખવું. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે.

**મકર (ખ,જ,):** જૂના મિત્રોની મુલાકાત થાય. પ્રેમમાં સાથ મળે. શેર, બજારમાં લાભ થાય. સંતાનોની ચિંતા રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા કામની શરૂઆત થાય. ધંધામાં આવક વધે. નોકરીમાં જવાબદારી વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલાં કામ અને નાણાંની ચિંતા દૂર થાય. ઊચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળે. પ્રવાસ થાય.

## કોઇ પણ સાલમાં 14 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારવાની શક્યતા ઊભી થાય. નવાં નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેક્નોલોજીનો લાભ મળે. સરકારી યોજનાનો લાભ મળે. પણ સરકારી નીતિથી દોડ-ધામ બોજ અને અશાંતિ વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવે. આરોગ્ય સામાન્ય રહે. હરીફો અવાર-નવાર અશાંતિ પેદા કરશે. સમાજમાં તાલમેળ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાન તેમજ સંપત્તિ, વારસા, જાયદાદ, જમીનને લગતા કામ વર્ષ દરમિયાન અનુકૂળતા પૂર્વક પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ અને કેરીયરમાં પ્રગતિ થાય. વડીલો-મિત્રો વધારાની આવકમાં મદદરૂપ થશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં સરકારી કામ પાર પડશે. જૂન-જુલાઈમાં નવા રોકાણમાં ધીરજ રાખવી.

અનુસંધાન... પાના પહેલાનું

### એપ્રિલમાં છૂટક...

પોઈન્ટ જેટલો તો ઘટાડો કર્યો જ છે. રોયટર્સના સર્વેમાં આગાહી કરવામાં આવી હતી કે એપ્રિલમાં ફુગાવો ઘટીને 3.27 ટકા થઈ શકે છે, પરંતુ અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતા પણ ફુગાવો વધુ ઘટયો છે. એક સર્વેમાં એવું પણ બહાર આવ્યું છે કે, જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવો એપ્રિલમાં ઘટીને 1.76 ટકા થઈ શકે છે, જે માર્ચમાં 2.05 ટકા હતો. તીવ્ર ગરમીના પ્રકોપ છતાં આ વખતે સારો પાક થયો છે, જેના કારણે સામાન્ય ભારતીય પરિવારોને રાહત થઈ છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ-સીપીઆઈમાં ખાદ્યપદાર્થોના ભાવનો આશરે 50 ટકા ફાળો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, હકીકત એ છે કે ઉનાળાના મહિનાઓ ચાલી રહ્યા છે. સામાન્ય રીતે આ સિઝનમાં શાકભાજીના ભાવમાં વધારો થતો હોય છે, પરંતુ અત્યારે આવું કઈ જોવા મળતું નથી. આ વર્ષે સરેરાશથી વધુ ચોમાસાથી પ્રરાંભિક આગાહીઓથી પાકના સારા ઉત્પાદન અને ગ્રામીણ માગમાં વધારો થવાની આશા વધી છે. ભારત જેવા દેશ માટે આ એક સારા સમાચાર છે. જ્યાં અર્થવ્યવસ્થા મોટા ભાગે કૃષિ પર નિર્ભર છે.

### ચોમાસુ બંગાળના...

પ્રદેશમાં ઘટ્યું હતું. આ પરિસ્થિતિઓ આ પ્રદેશમાં ચોમાસાની શરૂઆત માટેના માપદંડોને પૂર્ણ કરે છે, એમ તેણે જણાવ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ અરબી સમુદ્ર, માલદીવ્સ અને કોમોરિન વિસ્તારના વધુ ભાગોમાં; દક્ષિણ બંગાળની ખાડીના વધુ વિસ્તારો; સમગ્ર આંદામાન અને નિકોબાર ટાપુઓ; આંદામાન સમુદ્રના બાકીના ભાગો; અને મધ્ય બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસમાં ચોમાસાને આગળ વધારવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે. પ્રાથમિક વરસાદી પ્રણાલી 1 જૂનની સામાન્ય તારીખ કરતાં વહેલી 27 મેના રોજ કેરળ પહોંચવાની શક્યતા છે. જો ચોમાસુ આ અપેક્ષા મુજબ કેરળમાં આવે છે, તો તે 2009 પછી ભારતીય મુખ્ય ભૂમિ પર સૌથી વહેલું આગમન હશે, જ્યારે તે વર્ષે તે 23 મેના રોજ શરૂ થયું હતું. હવામાન ખાતાએ એપ્રિલમાં 2025 ચોમાસાની ઋતુમાં સામાન્યથી વધુ વરસાદની આગાહી કરી હતી, જેમાં અલ નીનો સ્થિતિની શક્યતાને નકારી કાઢવામાં આવી હતી, જે ભારતીય ઉપખંડમાં સામાન્યથી ઓછા વરસાદ સાથે સંકળાયેલી છે.

### ભારત રશિયા...

છે કે રશિયા નજીકના ભવિષ્યમાં આ વિનંતીને મંજૂરી આપે તેવી શક્યતા છે. રશિયન બનાવટની S-400 વાયુ સંરક્ષણ પ્રણાલીને ભારતમાં 'સુદર્શન ચક્ર' તરીકે ઓળખવામાં આવે છે.

### ઘર મેં ઘૂસ કે...

- આતંકવાદીઓ માટે કોઈ સુરક્ષિત આશ્રય બાકી નથી એમ કહેતા વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, ભારત તેમના પોતાના ક્ષેત્રમાં તેમના પર હુમલો કરશે, બચવાની કોઈ તક આપશે નહીં. તેમણે જાહેર કર્યું કે ભારતના ડ્રોન અને મિસાઈલોએ એવો ભય પેદા કર્યો છે કે પાકિસ્તાનની ફક્ત તેના વિશે વિચારીને દિવસો સુધી ઊંઘ ઉડી જશે. મહારાણા વિશે લખેલી પંક્તિઓ ટાંકીને પ્રતાપના પ્રખ્યાત ઘોડા, ચેતક વિશે તેમણે ટિપ્પણી કરી કે આ શબ્દો હવે ભારતના અદ્યતન આધુનિક શસ્ત્રો સાથે સંપૂર્ણ રીતે જોડાયેલા છે. સિંદૂરની સફળતાએ રાષ્ટ્રના સંકલ્પને મજબૂત બનાવ્યો છે એમ કહેતા મોદીએ ભારતની સેનાની ગતિ અને ચોકસાઈની પ્રશંસા કરતા કહ્યું કે તેમની ઝડપી અને નિર્ણાયક કાર્યવાહીએ દુશ્મનને સંપૂર્ણપણે સ્તબ્ધ કરી દીધો. તેમણે ટિપ્પણી કરી કે વિરોધીઓને ખ્યાલ પણ નહોતો કે તેમના ગઢ ક્યારે ખંડેરમાં ફેરવાઈ ગયા હતા. ભારત પાસે હવે એવી અદ્યતન ટેકનોલોજી છે જેનો પાકિસ્તાન સામનો કરી શકશે નહીં, એમ ભારપૂર્વક જણાવતા મોદીએ કહ્યું કે છેલ્લા દાયકામાં, ભારતીય વાયુસેના અને અન્ય લશ્કરી શાખાઓ પાસે વિશ્વની કેટલીક સૌથી અદ્યતન સંરક્ષણ તકનીકો સુધી પહોંચ મેળવી છે. પાકિસ્તાનની વિનંતીના જવાબમાં જ ભારતની લશ્કરી કાર્યવાહીને અસ્થાયી રૂપે રોકવામાં આવી છે, એમ જણાવતા વડાપ્રધાનએ ભાર મૂક્યો કે જો પાકિસ્તાન વધુ કોઈ આતંકવાદી પ્રવૃત્તિઓ અથવા લશ્કરી ઉશ્કેરણીમાં જોડાશે, તો ભારત સંપૂર્ણ તાકાતથી જવાબ આપશે. તેમણે ખાતરી આપી કે ભારતનો પ્રતિભાવ ફક્ત તેના પોતાના નિયમો અને શરતો પર નક્કી કરવામાં આવશે.

### જમ્મુ-કાશ્મીરના...

ગયા મહિને 26 એપ્રિલના રોજ પહેલગામ હુમલાના થોડા દિવસો પછી અધિકારીઓએ છેલ્લા ત્રણથી ચાર વર્ષથી સક્રિય કુટ્ટેના રહેણાક મકાનને તોડી પાડ્યું હતું, અધિકારીઓએ જણાવ્યું હતું કે, તે ઘણી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હતો.

શોપિયાના વાંદુના મેલહોરા વિસ્તારનો રહેવાસી શફી ઓક્ટોબર 2024માં જોડાયો હતો અને 'સી' શ્રેણીનો આતંકવાદી હતો. તે 18 ઓક્ટોબર, 2024 ના રોજ શોપિયાના વાચી ખાતે બિન-સ્થાનિક મજૂરની હત્યામાં સામેલ હતો. એમ અધિકારીએ જણાવ્યું હતું.

### દિલ્હી ડાયરી...

વલણ અપનાવ્યું છે, નહીં કે જે.પી. નડ્ડા જેમ રબર સ્ટેમ્પના રૂપમાં. શાહના વર્ચસ્વથી આરએસએસની નારાજગી હોવા છતાં તેઓ મોદીના સૌથી વિશ્વસનીય સાથી છે. તાજેતરમાં સંસદમાં વક્ફ (સુધારા) બિલ પસાર થવા દરમિયાન આ સ્પષ્ટ થયું હતું, કારણ કે, શાહે બિલ પસાર કરાવવા માટે આગળ વધીને નેતૃત્વ કર્યું હતું.

**પટનાયક ભાજપ પ્રત્યે વારંવાર પોતાનું વલણ કેમ બદલી રહ્યા છે?**

બીજુ જનતા દળ (બીજેડી)ના સુપ્રિમો નવીન પટનાયક ભાજપ પ્રત્યે વારંવાર પોતાનું વલણ કેમ બદલી રહ્યા છે? આ પ્રશ્ન દિલ્હીના રાજકીય વર્તુળોને મૂંઝવી રહ્યો છે. સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ દ્વારા બીજેડીની આઘાતજનક હાર પછી તે લગભગ નિશ્ચિત હતું કે, પટનાયક ક્યારેય ભાજપને ટેકો આપશે નહીં, ઓડિશામાં રાજ્યના બીજેડી નેતાઓએ પણ ભાજપને નિશાન બનાવવાનું શરૂ કરી દીધું હતું. રાજકીય પંડિતો ત્યારે ખુશ થયા જ્યારે બીજેડી દ્વારા જાહેરાત કરવામાં આવી કે પટનાયક 22 માર્ચે સીમાંકન પર એમ કે સ્ટાલિનની ચેન્નાઇ બેઠકમાં હાજરી આપશે, પરંતુ જ્યારે તેમણે બેઠકમાં ભાગ ન લીધો અને તેના બદલે પોતાના દૂતને મોકલ્યા ત્યારે બધા આશ્ચર્યચકિત થઈ ગયા.